વાંચન અને વિચાર વિનોદ.

પ્રસ્તાવિક પદ્ય.

ભાગ બીજો.

રચનાર

પં માળિયા સુથાર વર્ધક સભા તરફથી,
જટાશંકર ચ ભુદરજી ભાનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શેઠ ગુલાબચંદ માણેકચંદ મોરબી વાળા.
(માટિયા ભગાભના તબીબદાર.)

અમદાવાદ
યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં છાપ્યું.
સંવત ૧૯૫૪ ઈ. સ. ૧૮૯૮

બક્ષિસ.

વાંઢા અને વિધવા વિનોદ.

પ્રસ્તાવિક પદ્ય.

ભાગ બીજો.

રચનાર
ખંભાળિયા સુથાર વર્દ્ધક સભા તરફથી,
જયશંકર આણંદજી જાની.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શેઠ ગુલાબચંદ માણેકચંદ મોરબી વાશી.
(ભાટિયા મહાલના તજવીજદાર.)

અમદાવાદ
યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં છાપ્યું.
સંવત ૧૯૫૪ ઈ. સ. ૧૮૯૮

બક્ષિસ.

દોહરો.

વાંઢાને વિધવા તણા, સુખ દુઃખનો ચિતાર.
દિલથી મેં દર્શાવિયો, સુણો સહુ નરનાર.

અર્પણ પત્રિકા.

મારા સ્વર્ગવાસિ સસરા

મેહેતા પ્રાણજીવન ભગવાનજી.

જામનગર નિવાસી.

મરહુમ મેહેતાયે આમાની કેટલીએક

કવિતાઓ સાંભળી, તેમની

વહાલી પુત્રીનું મારી

સાથે પુનઃલગ્ન કર્યું.

આ મહદ્ ઉપકાર

બદલ

આ નાની પોથી મોટા આનંદથી એમને

જ અર્પણ કરવા અતિ ઉત્તમ

માનું છું.

હું—જાની.

પ્રસ્તાવના.

અનુભવ સર્વોત્તમ ગુરૂ છે.

આ પુસ્તકમાં મૂકેલી કવિતાઓ—હિતેચ્છુ, સત્યવક્તા, સ્વદેશ હિતબોધક, સ્વદેશબંધવ, સૌરાષ્ટ્ર દર્પણ, આર્ય મનરંજન, આર્ય હિતવર્દ્ધક, વિગેરે કેટલાંએક માસિક અને ન્યુસપેપરોમાં ચર્ચાઈ ગઇછે; તોપણ હાલ કેટલાએક સુધરેલા સજ્જનોની ઉપરાઉપર માગણીયો થવાથી "**પ્રસ્તાવિક પદ્ય**" ભાગ બીજામાં સમાસ કરી, આ નાની કવન પોથી ખાસ સુધરેલા અને દીર્ઘદર્શી સજ્જનોને માટે બહાર પાડવા જરૂર પડી છે. આશા રાખું છું કે વધુ પડતા લખાણ માટે દરગુજર કરશે.

મારાં દરેક બહાર પડતાં પુસ્તકમાં મિ. નારાણજી રામજી ઠક્કર જામનગરવળાની વારંવાર મદદ હોવાથી, હું તેમનો આભાર માનુંછું.

લાવણી.

(ભર્થરી ભ્રાતા વિચાર કરીને—એ રાહ.)

રે ! મિત્ર મુજ (૨) સાચે સાચી કહું વાત;
પ્રભુ કૃપા વિણ કદિ નહિ તુજ સમો મિત્ર જગ થાત.
આ સ્વપ્નાસમ (૨) સંસાર સમુદ્ર સુધામ;
ખરો એક આધાર વાત કરવાનુંતું વિશ્રામ.
તુજ પ્રેમ ખરો (૨) પરખાયો સૌથી શ્રેષ્ઠ;
બધા ભલે છે મિત્ર જગતમાં તેમાં નિવડયો જ્યેષ્ઠ.
છો વિનય ખાણ (૨) સુજાણ સગુણ ભંડાર;

આનંદી ઉત્સાહી તારા સમ બીજો ન લગાર.
કરી પૂરી પરિક્ષા (૨) તાવી જોયું તન;
એક ટેકને નેકી નીવડ્યા, નિર્મળ તારૂં મન.
નહીં સ્વાર્થ વિણુ (૨) જગમાં જોડે મિત્રાઈ;
વિના આશથી તેં જોડી છે, આ તારી સરસાઈ.
ભલે જગત જોયાં (૨) ખાંતેથી સઘળાં શે'ર;
નહિ નારાણુ મળે નવખંડે પ્રેમે પૂર્ણ ભરેલ.
નારાણુ મિત્ર! (૨) જગમાં રે'જે આબાદ;
ઉર આનંદે આજે **જાની** આપે આશિરવાદ.

જે. આ. જાની.
જામ ખંભાળિયા.

જાહેર ખબર.

નીતિ દર્પણ ગ્રંથને નીતિની ચુનંદા ૫૫૦ કલમથી સં-ગારેલોછે; કે જેના માટે વારંવાર જાહેર ખબરો બહાર પડી ગઈ છે. ડેમી બત્રીશ પેજી લગભગ આઠ ફૉર્મનો ગુટકો— ફક્ત રૂ. ૦-૬-૦ છ આનામાં વહેંચાશે. પ્રથમથી નાણું ભરાયા પછી તે છપાવવાનું મંગળાચરણ થશે.

મારા દર્પણ માટે જે પ્રસંશા કરૂં તે અતિશયોક્તિ ભરેલું છે, માટેજ વિદ્વજનોના થોડાક અભિપ્રાય નીચે આપું છું.

પ્રિયભાઈ જયશંકર—

નીતિ દર્પણ નામનું તમારૂં લખેલ પુસ્તક લગભગ અર્ધો ભાગ વાંચતાંજ મને બેહદ હર્ષ થયો છે. તમારા પુસ્તકમાં નામ પ્રમાણે ગુણ સમાયેલા છે, ને ખરેખર આ પુસ્તક નીતિનીજ આરસી છે. દરરોજ સવારના પહોરમાં દરેક માણસે એમાંની બાબતો વાંચી પાઠ કરવા યોગ્ય છે. પુસ્તક સર્વ જનોપયોગી છે, એમાં કાંઈ પણ શક નથી.—મારા શિષ્ય તરિકે આવા ઉત્તમ ગ્રંથ લખવા તમને સમર્થ થયેલા જોઈ હું સાનંદિત થયો છું. તારીખ ૨ સપ્ટેબર ૧૮૯૧.

માણેકલાલ નાગરદાસ શાહ.

તાલુકા સ્કુલ માસ્તર–કાઠિયાવાડ એજન્સી વકીલ—

રાજકોટ.

રા. જેશંકર—

તમારૂં નીતિ દર્પણ પુસ્તક સુધારીને છપાવશો તો ઉપ-યોગી થઈ પડશે. એમાં કાંઈ પણ શક નથી.

તારીખ ૨૯ મી જાનેવારી ૧૮૯૨.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ.

શિષ્યવર્યજયશંકર—

પ્રાચિન કવિતાઓ અને કહેણીયો માટે હું ઘણે દરજ્જે ઊંચો મત ધરાવું છું; જેમાં નીતિને સમજાવનારી વાણી આ જમાનાને વધારે અનુકૂળ થઇ શકે. તમે આ પુસ્તકદ્વારા શ્રમ લઇને નીતિનું જે તમારી મતિ પ્રમાણે તત્વ ખેંચ્યું છે તે સ્તુત્ય છે, કેમકે સામ્પ્રત સમયમાં ઘણાંખરાં નમાલાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે, તેના કરતાં આ પ્રયત્ન ઘણો માનનીય અને આશ્રયને પાત્ર છે.

તારીખ ૨૯ મી અકટોબર ૧૮૯૩.

મણીશંકર વિઠ્ઠલજી ભટ.
રસવૈદ્ય—જામનગર.

જયશંકર આણંદજી જાની,
ખંભાળિયા.

———

અનુક્રમણિકા.

વિષય.		પૃષ્ટ.
૧	ઈશ્વિર સ્તવન...	૧
૨	કાવ્ય કર્ત્તા તરફથી સુધારાનો યત્ન.	૨
૩	વિધવાએ પંચને કહેલ કટુ વાક્યો........	૩
૪	વિધવા બ્રાહ્મણીના દુઃખદ ઉદ્દગાર.	૪
૫	કજોડા દુઃખદર્શક.	૫
૬	વૃદ્ધ વરની વનિતાનો વિલાપ..	૭
૭	કેળવાએલ વિધવા કન્યાનું કથન....	૯
૮	વાંઢા-વિલાપ..	૧૧
૯	કજોડાની કહાણી	૧૧
૧૦	વિધવાની વિનતી.	૧૪
૧૧	પરણેલ પુરૂષનો પ્રિયાપર પ્રેમ	૧૬
૧૨	નવોઢા વિધવાની દિલગીરી.	૧૭
૧૩	કજોડાનો કેહેર	૧૭
૧૪	યુવાન સ્રીને સ્વામિનો વિયોગ.....	૧૯
૧૫	સુરતવાસિ વિધવાનું દુઃખ....	૧૯
૧૬	વાંઢાનો વરઘોડો	૨૧
૧૭	વાંઢાનું વલોણું.	૨૨
૧૮	વિધવા વિવાહ કરવા વિષે બે બોલ	૨૪

વાઢાં તથા વિધવા વિનોદ.

પ્રસ્તાવિક પદ્ય.

ભાગ બીજો.

૧ ઈશ્વર સ્તવન.

ભોપાળી—કલ્યાણ.

વિશ્વના વિભુ હું તુજ થકી નમું, તુજ કૃપા થકી નકી જગત રમે
બધું—ટેક.

ભૂમંડળ ઘટમાળ ઘડી, તારા શશિ સૂર્ય પ્રકાશ;
પવન પ્રાણી પરવત પશુવાદિ, એ તારો આભાસ. વિશ્વના.
સ્થાવર જંગમ મંગળકારી, નવલ નવલ નિરખાવ;
ઘટ ઘટ વ્યાપિ રહી સહુને, દે અદ્‌ભુત દેખાવ. વિશ્વના.
વર્ષા ગ્રિષ્મ શિશીર કૃતિથી, હું છું છેક અજાણ;
તરૂતણું તાડવ હૃદમાં રે, એમ મસ્ત કર્યું મંડાણ. વિશ્વના.
અજર અમર અદૃશ્ય રહી, જગરેંટ રમાડે તું;
ભય ભંજવાડ ભૂકંપ કરી દે, તે પણ તુંનો તું. વિશ્વના.
વરસાવી વૃષ્ટિ સૃષ્ટિપર, તું તન મને નિવાજ;
સરોવર સુંદર ને સાગર, મા' નદી ન મૂકે માજ. વિશ્વના.
અદલ કરી ઈન્સાફ સાફ, રસ્તા સૌ સૌના ન્યૂન;
પરિપઠન પંડિત નહીં પરખે, તેવા કર્યા કાનુન. વિશ્વના.
ઘડિ ઘડિમાં અનુકંપા તારી, પ્રગટ થઈ પ્રસરાય;
જેમ મદારી રમત કરે તેમ, અમને તે દેખાય. વિશ્વના.
જોસબંધ જ્વાળામુખી જાગે, ધોધબંધ વારી;

દેશ દેશની હવા પ્રમાણે, તે રાખ્યાં જારી વિશ્વના.
વિશ્વ વસે સૌ તારે ઓથે, હે ! ! કરૂણાળુનાથ;
જીવ જંત જન જન્મ મર્ણની, કુંચી તારે હાથ. વિશ્વના.
નીચ ઊંચ નાનું કે મોટું, ગરીબ તવંગર જન;
તે સૌ સરખાં તુજ પાસે છે, એવું મોટું મન. વિશ્વના.
ગુપ્તપણે ગુહ્ય વાત-કદિ કરશે કોઇ કાળું કામ;
દિલમાં જે દલિલો ધારે તે, તું તરતજ પેચ્છાન. વિશ્વના.
નિરાશ્રિતને આશ્રિત-ને છો દીનજનપરદા તાર;
હોય કરૂણા તારી પૂરી તો, તારી પાસ ઉતાર. વિશ્વના.
અટ્પટિયું આ કામ આરભ્યું, મનવાંચ્છિત ફળ લેવા;
વિધવાના વિવા' કરશે તે માનું તારી સેવા. વિશ્વના.
તારી કૃતિ કળા કૌશલ્યા, જગમાં જામી જાય;
રીદ્ધિ સીદ્ધિ ધન ધાન્યાદિક, વિદ્યા વૃદ્ધિ થાય. વિશ્વના.
સેવકની લે સાર સદા તું, ભીડ પડયે ભૂમાં;
જેશંકર અશક્ત આજ દિલ લાગ્યું છે તુજમાં. વિશ્વના.

---

૨ કાવ્ય કર્ત્તા તરફથી સુધારાનો યત્ન.

(હરિગીત છંદ.)

સૌ હિંદના વાસિ અરે, કાં કરજ કરીને કરવરો;
પઈ પઈ કરી ધન મેળવેલું, પલકમાં પાણી કરો;
અંતે તમે ભિક્ષુક બનો, એ જૂઠ કરતે રીતમાં;
ઓ હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૧
ઓરત તમારી ગાય, નહીં શરમાય ભૂંડા વેણથી;
વિવા' સમે બિભત્સ બોલે, કાંઈ શરમાતી નથી;
વળી આપ પાસ ઉભા રહી, ખુશ થાઓછો સૌ ગીતમાં
ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૨
વિધવા કરે વ્યભિચાર ઘરમાં, તમે ભડવાઈ કરો;
એ નીચ કર્મ કરી તમે, નિજ પેટ તો પ્રિતે ભરો;
પણ લગ્ન વિધવા નારના, કરતા નથી કાં નાતમાં;

ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૩
બહુ લાલચુ જે લોક તે, નિજ પુત્રાનો વિક્રય કરે;
નહીં જોય ઘરડો બાળ, પુત્રી આપી પૈસે ઘર ભરે;
આ રીત સૌ વિપરીત, આખા હિંદવાસિ લોકમાં;
ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૪
પરદેશ જાવાની મના, કોઈ શાસ્ત્રમાં વાંચી નથી;
ફિટકાર વાર હજાર ! ! હિંદુ ભાઈની કેવી મતિ;
સ્વદેશ મૂકીને નકી, વસવું જઇ પરદેશમાં;
ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૫
વિદ્યા ભણાવો નારને, સહુ વ્હેમ મૂકી દિલથી;
બાળા જઈ શાળે ભણે, એ રીત સૌ પસરી નથી;
પોકાર ઉઠયો છે બધે, કરવા સુધારો આર્યમાં;
ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૬
મરશે કદિ તમ બાળતો, અતિ પોક મૂકીને રડો;
વળી વાટમાં વનિતા બધી, સૌ પીટસે થઇ ઢુંગલો*
મર્યાદનો અપવાદ જોઇ, મન રહે મુજ બેચેનમાં;
ઓ ! હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૭
આ વાણુ છે સુજાણ, જેશંકરતણી કર્ણે ધરો;
વાંચી વિચારો આજ તો, સુખમાં સદા ફરતા ફરો;
કળિકાળના કરમાં ચડયાથી, ધરો નહિં કંઈ ધ્યાનમાં;
પણ હિંદવાસિ ખંતથી, એ કર સુધારો નાતમાં. ૮

---

૩ વિધવાએ પંચને કહેલ કટુ વાકયો.

(રાગ—ચાબખા.)

અરે આજ હિંદુ અમારા ભાઈ, તમારી કેવી છે મૂરખાઈ
મોટા મોટા થઈ મા'લો પંચોમાંને, ચલવો છો ચતુરાઈ;
પગ બળતું તમે પેખો નહીં,—ને ઠાલી કરો ઠકરાઈ. અરે.
ખોટા ખરાની કંઈ ખબર ન તમને, પક્ષથીજ કરો પટેલાઈ;

---

* એકઠી.

કનક કથીર એક ભાવે ભણોછો, કેવી તમારી મૂરખાઇ. અરે
કામવેદનાથી અંગે પીડાઇને, કલ્પે દિલ અમે કોચવાઈ;
કરો કૃપા કાંઇ અબળા જાતિપર, ભર્ત ભૂમિના ભાઈ. અરે.
ઘણા વખતથી અમે સૌ વિધવા, બેઠાં મંદિરે ભરાઈ;
દીન અબળાપર દયા ન આવી, જાય છે છાતી છેદાઈ. અરે.
શાસ્ત્ર શોધીને શાંત કરો દિલ, આપો વિધવાને વધાઈ;
વિધવા નારીના વિવા' કરો, અરે તજી તમારી આડાઈ. અરે.
બાળ રાંડ બાળકીનાવિવા ન કરવાથી,જગમાં રમે છે તે જારી;
હીણપદ તમને લાગે તે કામથી, ભવ બગડયો છે ભારી; અરે
પારકા પુરૂષથી પ્રિત બાંધી-ઘણી ચાલી જાશે જગ માંહીં;
બાળરંડાને બાળ પેદા થયે, મરડી મારે કર સાહી. અરે.
વિધવા બની નાર ઘરમાં ધંધો કરે, તમે કરો ભડવાઈ;
ધિક્કાર!! વારવાર પંચો તમોને, મોટીગણાઈ મુરખાઈ. અરે.
ઘેર ઘેર છે સૌ માટીના ચુલાને, ચલવો છો ચતુરાઈ;
બા'ર નીકળીતમે બુંડીમરોને, વ્યભિચારથાય ઘરમાંહિં. અરે.
આવાં આવાં કૃત ચાલે નાતે તોય, પંચ કયાં ગયું તણાઈ;
સુધારાની રીતકંઈ કરો ચાલતી, માનુંતમારી મરદાઈ. અરે.
આજ કાલ હિંદ ઐા ચોકી ઉઠયું, સૌ કંઈ કંઈ ચાલી સુધરાઇ;
પ્રિતે પતિ કરોવિધવા નારીનો,જેશંકર કહે મુખગાઈ. અરે.
સાથે સુધારાવર્દ્ધક વદતી, મુખથી અતિ મલકાઇ;
સર્વ સ્થળે સહુ સુધારો જોઇને, હુંપણ જાણી હરખાઈ. અરે.

---

૪ વિધવા બ્રાહ્મણના દુઃખદ્ ઉદ્ગાર.

(શેઠ સગાળસા સાધુને સેવે—એ રાગ.)

અરે મારા ઔદિચ્ય યારોરે, કરો ફરી પરણ્યાનો ધારોરે—ટેક.
બાળપણામાં બાળ પરણાવી, બાળો છો તમારી બાળ;
દૈવગતિથી પતિ મરે તેનો તો, ભવિષ્યને આપે આળ.અરે.
હોય અજ્ઞાની બાળ બિચારી, ત્યાંસુધી કરે ન કાંય;
સોળ વરસની સુંદરી થાતાં, મનમાં અતિશે મુંઝાય. અરે.

નવિન જોબન નારી નિખીને નયને, લાવે અતિશે નીર;
વિધવા વિવા'નો ચાલ ન નાતે, તેથી ન રાખે ધીર. અરે.
કરી કુકર્મ કોટે કર્મ બાંધે, વંઠે કરી વ્યભિચાર;
નીચની સોબત કરી ચાલી જાય, પછી દોડાવો વાર. અરે.
ખાવું પીવું રમતું ગમતું નથી, સ્વાદ તજાવો સાર;
ભાગ્યહિણી એવી ભાળી ન બીજી, ઊંચી જ્ઞાતિની નાર. અરે.
દયા આવે એવી દુખણી નારીની, રોમાંચ ઊભાં થાય;
કાળકુટા ! ! એવા કાળજાના, કેમ દિલ તારૂંન દુઃખાય. અરે.
વારી વિના મીન જીવન આશા, રાખો ન ઉરમાં કાંઈ;
તેમપતિ વિણુ પત્નિઝુરી મરે, એમાંકાંઈ નથી નવાઈ. અરે.
મારા સ્વજ્ઞાતિના સજ્જન સઘળા, ઉંગી ગયા છો કેમ;
દુઃખથી છોડાવો બાળરંડાને, મનમાં રાખી કંઈરેમ. અ. રે
આશિર્વાદ આપે અબળા બધી, બાળા છોડો બંધીવાન;
અરે પ્યારા ! બંધુ ઔદીચ મારા, મૂકો કોરે અજ્ઞાન. અરે.
વિધવાનું દુઃખ મટાડવા સારૂં, તમે કરો તદબીર;
વિધવા વિવા'નો ચાલ કરો તમે, તો જ ખરા શુરવીર. અરે.
સુધારાવર્દ્ધક સૌ સુખ પામો, આચરતાં આ રીત;
જગમાંજાની મનવાંચ્છિત જોડાંથી, સુખી થાશોજ ખચિત. અરે.

કજોડા દુઃખદર્શક.

બિહાગની લાવણી.

(ગુલસનમેં માહરૂ ખડાખડા રોતાહે—એ રાગ.)

રે ! ભાઈ દીલ દુઃખ ગાઈ કહું છું તમને,
મુજ માબાપે પરણાવી નાના વરને;
મુજ જન્મ થતાં દિલમાં પિતાજી રાજી.
કર્યું લગ્ન બાળની સાથ પુંજી લઈ ઝાઝી.
હું પરણીને ગઈ તર્ત સાસરે મારે,
અતિ બાળ કંથ મેં નજરે જોયો ત્યારે;
હજી શાળામાં ભણવા લાયક જેવો છે,

વળી ભાનવગરનો જાણે તે ઘેલો છે.
પડી સાંજ સૂવાને ગઈ મેડીપર જ્યારે,
તો જેમ તેમ સુતેલો જોયો ત્યારે;
મેં પ્યાર ધરી પતિ હાથ-હાથમાં લીધો,
બહુ બુમ પાડીને શોર બકોરજ કીધો.
હું વિનય ભરેલાં બોલ બોલી સમજાવું,
વળી શાંત દિલે થઈ કહું આમ ના થાવું;
મેં માંડ માંડ સુવાડયો સમજાવીને,
નહીં આવડતી જગરીત બાળ અનમીને.
એ પતિ નયન નિરખ્યાથી દુઃખ બૈ મુજને,
શું કરવા ભાઈ ઉપાય, એજ કહો અમને;
હું વીશ વરસની નાર, રાગ રંગ જાણું,
આ જોબન ચાલ્યું જાય રંગ ક્યાં માણું.
મુજ અંગ મદન ચડવાથી થયું મસ્તાનું,
નહીં કામ શાંત કરનાર જેથી દુઃખ પામું;
ધરૂં તનપર સોળ સૃંગાર અંગારા લાગે,
કરૂં કુમ કુમ ચાંલ્લો કપાળ જ્વાળ સમ જાગે.
મને રૂપ અજબ પ્રભુયે પ્રીતેથી આપ્યું,
પણ રંગીલા વરનું સુખ મુજને નાપ્યું;
હું રસ રંગેથી પૂર્ણ ભરેલી પ્રીતે,
આ નાનકડો વર નહીં સમજે કંઈ ચીતે.
મારૂં જોબન બાળે વેશ એશની આશા,
પણ નાનકડા કંથેથી ન મટે પ્યાસા;
આ દુઃખ સાગરમાં નાંવ ન ઓથું ડોલે,
હું છતે ધણી વિધવા નારીના તોલે.
મેં પાપ કરેલાં લાગે પૂર્વે મોટાં,
નહિંતર નહીં નાનો કંથ મળે બૈ જોતાં;
હું જળ ભરવા જઊં જ્યારે સણુગારીને,
ત્યાં નગર શેરના નર નિરખે આવીને.

સૌ નગર શે'રનું માજન મુજને નિરખી,
મુખ બોલે અઘટિત બોલ સખી સૌ સરખી;
મુજ હેડીની સાહેલી શેખી કરતી,
તે જોઈ મારી આંખુએ આંસુ ભરતી.
વળી ભેદ ભરેલાં વાક્ય હૃદય ભેદે છે,
આ સુણવા કરતાં મરતું તરત ગમે છે;
જો જન્મ થતાં ઘોળી આપત વિષમાતા,
તો આ દુઃખના ડુંગર દ્રષ્ટિ નહીં થાતાં.
શું કરૂં સખી ઓ ધખી અંગ બાળુ છું,
કંઈ ઉપાય નહીં મળવાથી હાથ ઘસું છું;
હું આજ અતિ દુઃખ પામું નાના કંથે,
જાણું જે જોગણુ થઇને પળતું પંથે.
પણ લાજન લોપી આગળ પગલું ભરતી,
ખિરજ ઓ દિલમાં ધરી મુંઝાઈ મરતી;
ઓ હત્યારાં ! ! માબાપ દયા કંઈ લાવો,
જુઓ દયા ભરેલી આંખે તો મન ભાવો.
નહીં કરજો કંથ કજોડ સજોડજ સોધો,
તો દંપતિનું સુખ જગમાં સૌજન જોજો;
જેશંકર સૌદિલ વાત અમારી ધારી,
પ્યારી પુત્રીના લગ્ન કરો વિચારી.

---

૬ વૃદ્ધ વરની વનિતાનો વિલાપ.

(હરિગીત છંદ.)

મુજ આજ જન્મ થતાં જનેતા, દિલ અતિ હરખાય છે,
વળી તાત વાત સુણી જનમની, મન ઘણુા મલકાય છે.
બહુ વર્ષ વિત્યે આજ, પુત્રી પ્રસવ થયે ભાંગી ભિતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૧
સંતાન મુજ વિણુ નહીં હતું, માબાપ મારાને કંઈ,
બહુ હોંસથી ઉછેરતાં, મોં માગતાં આપે લઈ;

ઓ બાઈ! પણ પૅાપિ પિતાયે, કેવી કરી મારી ગતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૨
બહુ દામ લઈ વિક્રય કર્યો, હું બાળ અણસમજુ તણો,
નહિં સાર વાંચ્યો માહેરો, અન્યાય તો કીધો ઘણો;
" લઈ લાકડાથી માંકડું, કરી મેળ રીતી ચાલતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૩
દિલ હોંસ છે દરવેશ, વળી બૈ એશ કરવાની મતિ,
જ્યાં જોઉં મારા કંથને, ત્યાં વાત મુકું છું જતી;
યુવા અવસ્થા આવતાં, નહીં અંગ અગ્નિ સામતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ ૪
હું સોળ વયની નાર, પ્રાણપતિ પચાશે પુગીયા,
નહીં અંગ કાંઈ અનંગ, પાય અપંગ થાવા આવિયા;
સૌ અંગમાં બળહીન નિરખું, બે નયન દુઃખથી પતિ,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૫
અંગે અનંગ અપાર વાપ્યો, શાંત કાન્ત કરે નહીં,
મેં પાપ પે'લાં શું કરેલાં, આવી ગત મારી થઈ;
કો ઠામ નહીં આરામ પામું, મોત માગું દર્દથી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૬
હું રાગ રંગ રમત ગમત, કરવા કહું જ્યાં કંથને,
તો તુર્ત મુખના પાડી, મુજ ઉદાસ કરશે મનને;
એ રીત દેખી નહીં કદિ, પ્રાણેશ પાસે મેં રતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતી. ૭
વળી પાંચ ઈંદ્રિ સિથિળ થઈ, બૈ બે'ર મારી તો ગઈ,
નિજ અંગમાં ઉત્તમ ખરે તે, આંખ વય થાતાં ગઈ;
પાણી અતિ ચાલ્યું જતું, મુજ કંથના બે નાકથી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૮
લઈ લાકડી ચાલે પતિ, રે! જુજ પાય ધરી ધરી,
લડથડી લપટી જાય, શકિત જોઉં નહીં અંગે જરી;
આ રોઝડું કરમે લખેલું, કયાં હતું કહું છું કથી,

હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૯
હે લોક દુઃખના થોક પડતાં, પોક મૂકીને રહું,
વિચાર મનમાં થાય કે, હું વાવમાં જઇને પડું;
કરી આપઘાત મરૂં અરે તો, સ્વર્ગમાં કેવી ગતિ,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૧૦
ઓ હિંદ નર નાદાન! કાં તું ભાન મન ભૂલી ગયો,
તું આંખ વીંચી ભીંતમાં, જઈ જાણી બૂઝી ભૂટકયો;
ધર ભાન અરજી કાન, સુણી આ ઠામ જે કહી મુજ મતિ,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૧૧
જુગતે કરે છે અર્જ જેશંકર, સહુ સદ્દગૃહસ્થને,
બહુ મનન કરી મન સાથ, પુત્રી આપજો સુજ્જનને;
છે અલ્પ સુધારા સભાની, છેવટે એ વિનતી,
હું આજ ઘરડા કંથથી, દુઃખ અંગમાં પામું અતિ. ૧૨

---

૭ કેળવાએલ વિધવા કન્યાનું કથન.

(ભોપાળી કલ્યાણ.)

હિંદની પ્રજાહવે હિંમત મનધરો,પુનર્લગ્નપ્રીતથીઆદેશમાં કરો.
સારા કુળમાં જન્મ પામી મેં, વિદ્યાભ્યાસ કર્યો;
સુધરેલો સારા કુળનો વર, વળી મુજનેજ વર્યો. હિંદની.
બહુ વિદ્યાનું જ્ઞાન મેળવી, થઈ સુધરેલી હું;
રંગ અનંગના અંગે શીખી, ક્રોડા જાણું છું. હિંદની.
છેલ છબીલી રંગિલી હું, જોબનમાં મસ્તાન;
કામ અતિ કાયે ચડવાથી, ભૂલી ગઈ મન ભાન. હિંદની.
પતિ હતા રૂપે રંગે બહુ, વિદ્યાવંત વિશેષ;
અનંગરંગના ભેદ ભણેલા, નહીં ખામી લવલેશ. હિંદની.
જગદીશે જોડી આપી પણ, નહીં સુખ ભોગવવા;
ચડી જુવાની નરનારીના, પતિ પડયા મરવા. હિંદની.
ત્રણ દિવસ બહુ તાવ આવિયો, મારા સ્વામિને;
ભરદરિયે આ નાવ-ન ઓથું ચાલ્યા મૂકીને. હિંદની.

આથુ મૂંડી ચુડી ભાંગી, બેસાડી ખૂણે;
કહું કરગરી વાત કાંઈ તો, તે કોઈ નવ સુણે. હિંદની.
ભોજન મીઠાં હેઠાં સૂતું, ચાંલ્લો નહીં કરવો;
ગીત ફટાણું ગાવા જાવા, નહીં વિચાર ધરવો. હિંદની.
નાર નવોઢા હું જાતે છું, જોબન જાય ચડયું;
પતિ પધાર્યા સ્વર્ગ સમિપે, ક્યાંનું પાપ નડયું. હિંદની.
એક બીજાં સાથે બેશીને, હાસ્ય કરી રમતાં;
તેજ વખતના અમે અભાગી, સ્વામિ વિણ મરતાં. હિંદની.
રીત ઘણી સંસારી શિખવી, ચડવી એ રસ્તે;
યાદ અહર્નિશ આવે એ તક, પ્રાણપતિ મરતે. હિંદની,
પુસ્તક વાંચી મનવાળું મુજ, પતિ વિના ભાઈ; ?
પણ કામાગ્નિથી સળગું, આ અંગ ગયું સુકાઈ. હિંદની.
પત્નિ મરતાં ફરી પરણશે, પતિ એક બેવાર;
પતિ મર્યે પત્નિ નહિં પરણે, આતે ક્યાંનો ન્યાય. હિંદની.
દીન વચનથી પૂછું તમને, આતે ક્યાંની રીત;
ન્યુનાધિક નહીં રીત પ્રભુની, દિશે આ વિપરીત. હિંદની.
દોષ ન દેશો હિંદવાસિ હું, કોઇને લઈ જાતાં;
કોકી વજાડી વાત વદું છું, દુઃખ બૌ દિલ થાતાં. હિંદની.
પતિ વિના દિન કેમ કાઢવા, એ મનમાં સંદેહ;
કામ શાંત કરવાને પ્યારો, સોધી કરશું સ્નેહ. હિંદની.
ધિરજ આજ સુધી ધરી બેઠાં, મન મારી ઘરમાં;
હવે નથી રે'વાનું આજે, તાપ ઉઠયે તનમાં. હિંદની.
હિત ચાહી આજે નારીના, પુનઃર્લગ્ન કરજો;
નહિં તો બીજા મર્દ લઈ જાશું તો શું કરશો. હિંદની.
આંખ ઉઘાડી રસ્તે ચાલો, તજી સહુ મૂરખાઈ;
મનન કરો સૌ સૌના મનમાં, ભર્તખંડના ભાઈ. હિંદની.
સારૂં ને લોકો ઉપયોગી, કીધું નહીં કંઈ કામ;
તો જગમાં જનમીને જન તેં, ડૂબાડયું તુજ નામ. હિંદની.
"બાડરીયાની રીત" પ્રમાણે, એક પછી ચાલો;

શું બા'દુરી તેમાં માની, જીવ વૃથા ગાળો. હિંદની.
નાહિંમતના નર સૌ નિવડ્યા, હિંદતણા વાશી;
આવા નર ભારત ભૂમિના, દેખી ઉદાશી. હિંદની.
હવે ત્વરાથી હિંદુ ઉઠો, હિંમત લઈ હથિયાર;
વાર કરી વિધવાની આજે, અટકાવો વ્યભિચાર. હિંદની.
બાળકની હત્યાઓ સઘળી, વિધવાથી બૌ થાય;
હિંદવાસિ **જાની** જગના તું, કૃત ઝટ અટકાવ. હિંદની.

---

૮ વાંઢા-વિલાપ.

(ભૈરવી-ગઝલ.)

છાતીમાં સમાતા નથી, આ પ્રેમના ભારા.—ટેક.
તારાથી મને છુટ્ટું પડવું, કાંઇ ના ગમે;
રસિલી પ્રાણ માહેરા, તારા વિના કયાં આરા. છાતીમાં.
ચંદ્રમુખી મુખ દેખું, ત્યારે હું આનંદ;
છુટો પડીને ટલવલી હું, ગોતું કિનારા. છાતીમાં.
તારા વિના જીવવું, તેથી મરવું ભલું;
સર્વે કામ ઠેકાણા, લાગે છે અકારા. છાતીમાં.
સાથે બેશી સુખ આપ્યાં, અવધી તેં મને;
સમો ક્યારે સાંપડશે, પ્રભુ એવા દે દા'ડા. છાતીમાં.
માફ માગું હું તારી કને, મેં કરેલા ગુન્હા;
અંદેશો ન રાખો ઉરમાં, નહીંતો દુઃખનાદા'ડા. છાતીમાં.
સ્નેહી જન કોઈથી, કરજોમાં કાંઈ સ્નેહ;
કરવી તો નહીં તોડવી, બંધુ પ્યારા મારા. છાતીમાં.
હાની આજ **જાની**નેછે, દિલમાં ઘણી;
મેળવશે પ્રભુ જ્યારે ત્યારે મન કાઢું ઉભારા. છાતીમાં.

---

૯ કજોડાની કહાણી.

(ભોપાળી-કલ્યાણ.)

અર્જ હું કરૂં ભર્તવાસિને, બાળ કંથ પરણવાથી દુઃખ બૌ મને—ટેક.
જન્મ થયો જે દિવસ મારો, તે દિ' લિલાલ્હેર;

લાડ લડાવી મોટી કીધી, માબાપે સુભ પેર. અર્જ હું.
તાત હતા લેવા ધન લોભી, લઈ ધન કીધું કામ;
વિચાર નહીં કીધો કંઈ મારો, લેતાં દોઢાં દામ. અર્જ હું.
છે સ્વામિ મુજ સાત વરસનો, મને બરાબર બાર;
અણસમજુ આ કંથ જોઇને, આવે અશ્રુધાર. અર્જ હું.
બાળ બિચારો શાળે જઇને, મા બા ઉચરતો;
અણુસમજુ એ કંથ, વળી રસ્તામાં ઓ રમતો. અર્જ હું.
અંગતણું નહીં ભાન, માન મૂકીને તે મા'લે;
નગ્ન શરીરે અહોનિશ, ઘર પાસે તે ચાલે. અર્જ હું.
નવ જોબન મદમાતું મારૂં, એળે ચાલ્યું જાય;
કંથ કજોડું મળતાં આજે, શું કરવા ઉપાય ! અર્જ હું.
રીત ભાત જાણે નહીં એતો, કામ હીન એ કંથ;
બાળકડું સુઝે નહીં કાંઈ, સંસારીના પંથ. અર્જ હું.
સેજ પલંગપર હું જઈ પોઢી, બાળકંથની પાસ;
દેખીને એ બાળ બિચારો, હૈયે પામ્યો ત્રાસ. અર્જ હું.
જેમ તેમ સમજાવી કીધો, શાંત કાન્ત આવાર;
રતિ રંગ રમવાની રીતોં, મેં શિખવી નિરધાર. અર્જ હું.
નેત્ર થકી નિહાળું નાનો, કંથ કરૂપો હું;
બેઢંગા બાળકની સાથે, શુંય હવે કરવું. અર્જ હું.
બન્ને પયોધર પ્રફુલિત થઇને, છેદે મારી કાય;
હાય ! હાય ! સખિ બાળ કંથથી, બને નહીં ઉપાય. અર્જ હું.
સોળ ગણો આ અંગે ઉઠયો, કામ અતિ કોપી;
શાંત કાન્તથી થાય નહીં, પછી હું ઓ ઓ રોતી. અર્જ હું.
કામબાણુ કાયામાં મારે, અજિત કામ આ વાર;
માહામુની મુંઝાયા જેમાં, અબળાના સ્યા ભાર. અર્જ હું.
જન્મ જનેતા દેતાં મુજને, કાં આપ્યું નહીં ઝેર;
કેમ કરી જન્મારો જાશે, બાળ કંથને ઘેર. અર્જ હું.
માતા ઓ ! વિધાતા દાતા, વેરણુ થઇ મારી;
નક્કાં પૂરવનાં પાપ જેથી હું, આજે દુઃખિયારી. અર્જ હું.

રાત દિવસ રોતાં કાઢું છું, અરે સખી આવાર;
નથી કાંઈ ઉપાય બાઇ, મન મારૂં બહુ મુંઝાય. અર્જ હું.
માન મને નહીં બાળ કંથથી, જે તે તરછોડે;
સાસુને નણદી આવી સૌ, બૌ કજીયો જોડે. અર્જ હું.
માટે વાણી જાણી આણી, દયા દિલ ધરજો;
લગ્ન પુત્રીના કરતાં પે'લાં, બૌ વિચાર કરજો. અર્જ હું.
હું દુઃખ પામી આજે જેથી, સૌને સમજાવું;
દુઃખ દરિયો દેખીને જન કદિ પડવા ના જાવું. અર્જ હું.
જેશંકર થઈ દાસ તમારો, જુગતે કરે જુહાર;
સુધારાવર્દ્ધક વિનવે.-સૌ જનને વારંવાર. અર્જ હું.

(લાવણી.)

જગતમાં હું છું દુખિયારી—એવાર.
નાના કંથથી લગ્ન કર્યે દુઃખ પડમાં મને ભારી.
પતિ મુજ માબા મુખ જપતો—એવાર.
બાળ નિશાળે જાતાં સ્વામિ રસ્તામાં રમતો.
પતિએ માન મુકી ભમતો—એવાર.
અણસમજુ મુજ બાળકંથ, મૂરખમાં બૌ ખપતો,
દેખી દિલ દાઝે છે દાડી—એવાર.
નાના કંથથી લગ્ન કર્યે દુઃખ પડયાં મને ભારી—જગતમાં.
ભાન નહીં અંગતણું કાંઈ—એવાર.
નગ્ન શરીરે સાંજ સવારે, ફરે ભુવન માંહીં,
આજ હું સોળ વરસની નાર—એવાર.
કામ અતિ કાયામાં જાગ્યે બની ગઈ બેહાલ,
સાસરે જાતાં દિલ નહીં થાય—એવાર.
યુવા અવસ્થા ચડતાં આજે છાતી થડકા ખાય.
જુવાની ચડી ભરે મારી—એવાર.
નાના કંથથી લગ્ન કર્યે દુઃખ પડયાં મને ભારી—જગતમાં
અરે ! ઓ !! હમારાં માબાપ—એવાર.

બાળ કંથને પરણાવ્યાથી પામું છું સંતાપ;
જનમતાં ઓ મારી માતા !—એવાર.
વિષ ઘોળી જો આપત મુજને, તો દુઃખ નહીં થાતાં.
પે'રવા ભાત ભાતના ચીર,—એવાર.
મનની સૌ મનમાં રહી ગતાં, નયને આવે નીર.
ધિરજ નહીં રે' મનમાં ધારી.—એવાર.
નાના કંથથી લગ્ન કર્યે દુઃખ પડયાં મને ભારી—જગતમાં.
હવે હું કાયર થઈ કંથે—એવાર.
ખાખ લગાવી અંગે, જોગણ થઈ પળવું પંથે;
કદિ કરી આપઘાત મરવું—એવાર.
નદી તળાવે ડૂબી, મારૂં વય પૂરૂં કરવું;
હવે ઓ સમજુ સૌ સજનો,—એવાર.
જોઈ વિચારી પુત્રીના તો લગ્ન પ્રીતે કરજો;
જાની હું વાત વદું હારી—એવાર.
નાના કંથથી લગ્ન કર્યે દુઃખ પડયાં મને ભારી—જગતમાં.

---

૧૦ વિધવાની વિનતી.

(ભોપાળી-કલ્યાન.)

ભર્ત ભૂમિના નિવાસીઓ અરે, બાળરાંડ બાળકી પતિ વિના મરે. ટેક.
બાળપણામાં બાળ અવસ્થા, કાઢી મેં નિરધાર;
વર વરવાને લાયક થઈ, પછી જોઈ રીત સંસાર. ભર્ત.
કંથ કર્યો માબાપે એ'રો, આંખે શુક્રાચાર;
ઉપાય નહીં એમાં મારો કંઈ, થઈ બેઠી લાચાર. ભર્ત.
સ્વામિ મારો સાઠ વરસનો, મને વરસ છે બાર;
જોઈ પતિ દિલ દાઝે મારૂં, આંખે આંસુ ધાર. ભર્ત.
ઓછામાં પૂરૂં વળી તેમાં, રાગ રંગ નહીં જાણે;
કોક અનંગન આંખે જોયો, કયાંથી રંગ પિછાણે. ભર્ત.
પતિ સાથ પરણીને રહી હું, દિવસ બરાબર આઠ;
ઘાત પતિપર મોટી આવ્યે, ગયા સ્વર્ગની વાટ. ભર્ત.

અતિ દુઃખ આ દિલપર આવ્યાં, એક પછી એમ એક;
કોપ કરી કિરતારે આજે, પે'રાવ્યો મુજ ભેખ. ભર્ત.
નહીં લાવ લીધા મેં કાંઈ, રહી મનની મનમાં;
બાળરાંડ બની બેઠી ખૂણે, તાપ ઉઠયો તનમાં. ભર્ત.
ચૂડીકરથી ચૂરણ કરતાં, કંપી મારી કાય;
આંખે અંજન કરતાં સૌજન, મુખથી અવગુણ ગાય. ભર્ત.
મુંડ કરી માથું મરડીને, મમત ધરી મુજભ્રાત;
સાંય પથારી પાથરવાની, મુજને કે'તા વાત. ભર્ત.
હું જોબન ભરપુર ભરાણી, કામ ચડ્યો આ કાય;
રાતે રંગ રમત કરવાના, વિચાર મનમાં થાય. ભર્ત.
પુનઃલગ્ન કરવાને મારે, મનમાં અતિ ઉમેદ;
પણ જ્ઞાતિ બંધનથી મુજને, મનમાં મોટો ખેદ. ભર્ત.
બાળકની હત્યા કરતાં નહીં, દિલ મારૂં ખંચાય;
વ્યભિચાર કરતાં નયનોને, કાંઈ નહીં દેખાય. ભર્ત.
અનાથ અબળા અમે આજ સૌ, દુખિયારી દેખાયે;
પુનઃલગ્નનો ચાલ ન નાતે, પરપુરૂષને જાયે. ભર્ત.
પછી એક વિચાર કરીને, વાળ્યું મારૂં મન;
મરદ એક લઈ ભાગી છુટી, મુજ છોડી ભૂવન. ભર્ત.
નાત જાત નહીં જોઈ આંખથી, ઉઘડીયો ઘર વાસ;
ખબર પડી મુજ ભ્રાત તાતને, તેણે દીધો ત્રાસ. ભર્ત.
ખોટ લગાડી વંશ પરંપર, પુત્રી મારી આજ;
નીચ પુરૂષથી લગ્ન કરંતાં, નાવી તુજને લાજ. ભર્ત.
એમ કહી કર માથે મૂકી, મોટી મૂકી પોક;
"વિધવા વિવા' કરવા, સર્વે માનો મારા લોક. ભર્ત.
એક પછી એમ એકજ આવે, સૌ સૌના સૌ વારા;
માટે વિધવા બાળ વરાવો, તો દુઃખના છે આરા. ભર્ત.
હવે આજ હિંમત દિલ આવે, સુક્ષ્મ મારા યાર;
"વિધવા વિવા' કરવા" સઘળે, ઉઠયો છે પોકાર. ભર્ત.
મન મારી બેઠાં ખુણામાં, ધારી મનમાં ધીર;

વાટ કરે વે'તી વે'લી આ, ભર્તખંડના વીર. ભર્ત.
અબળાની આશિષ લ્યો ઉરમાં, આ સુભ કરતાં કામ,
તો જગમાં જડમૂળ જામશે, સદા તમારૂં નામ. ભર્ત.
જેશંકર જુગતે કર જોડી, વિનવે વારંવાર;
વળી સભા સુધારાવર્દ્ધક, કરતી એજ ઉચ્ચાર. ભર્ત.

---

૧૧ પરણેલ પુરૂષનો પ્રિયા પ્રેમ.

(રાગ પીલુ—પદ.)

પ્યારી મારી પ્રાણથી વા'લી;
આનંદ પામું હું તુજને નિહાળી. પ્યારી.
મંદ મુખે પ્રિયા! હાસ્ય કરીને;
નિરખે પ્રેમે નયન ભરીને. પ્યારી.
વા'લપ તારૂં પ્યારૂં વનિતા;
શાંત થયો પ્રેમી પ્યાલો પીતાં. પ્યારી.
પ્રેમ અતિ પલ પલમાં પલટે;
*જાની જીગરમાં જખમ એ ખટકે. પ્યારી.
નીતિ નિપુણ ગુણ ગ્રાહી ગુણી છો;
વિનયવાણી ચતુરાઇયે ભરી છો. પ્યારી.
હુકમ થતાં મુજ આગળ હરદમ;
ખીજમત કરી દુર કરતી મુજ ગમ. પ્યારી.
રાજી મને જોઇ તું રે' રાજી;
દિલગીર દેખી થાતી નારાજી. પ્યારી.
પળ પણ હું જૂદો પડવા ન ધારૂં;
વિયોગ થતાં અંગ સુકાય મારૂં. પ્યારી.
વિયોગ પડયે તું વનિતા મારી;
રૂદન કરી ભર નયને વારી. પ્યારી.
સંસારમાં સગું સ્વારથનું છે;

---

* જાની=પ્યારા.

નિકટ સગી સુખ દુઃખમાં તું છે. પ્યારી.
ભવસાગરમાં ભામની મારી;
દુઃખ સાગરમાંથી લીધો તારી. પ્યારી.
જાની જગતપતિ પ્રેમે નમું છું;
સુખના દિવસ પ્રભુ આજે ગણું છું. પ્યારી.

---

૧૨ નવોઢા વિધવાની દિલગીરી.

(રાગ—આશાગોડી.)

પ્રાણપતિ વિના ઘેલી, હું છું પ્રાણપતિ વિના ઘેલી-ટેક.
જન્મ જનેતા દેતાં બાપે, પરણાવી વે'લી વે'લી. હું છું.
કંથ હતો સખી સોળ વરસનો, હુતો હતી મુગ્ધા મેલી. હું છું.
દૈવ ઇચ્છાથી દિવસ જાતા, કંથ સજોડ મળેલી. હું છું.
સ્વપ્નાવત્ પ્રિય દર્શન દઇને, ક્યાં ચાલ્યા ગયા મુજને મેલી. હું છું.
વિધવા થાતાં મુંડ મુંડાવી, જાણે સન્યાસીની ચેલી. હું છું.
કર કંકણના કટકા કીધા, રે'વું વસ્તર એક પે'રી. હું છું.
આભુષણ સૌ લાગે અકારાં, જગત લાગે છે ઝેરી. હું છું.
ભોંય પથારી કરવી હમેશાં, મિષ્ટ વસ્તુ મેં તજેલી. હું છું.
કંથ વિના મેં કાજળ તજ્યું, સ્વાંગ તજ્યો છે સાહેલી. હું છું.
ભૂવન મને ભયંકાર દિશે છે, જગતની માયા મેં મેલી. હું છું.
સંસારી સુખ દેખ્યું ન દ્રષ્ટે, કષ્ટ પામું છું અકેલી. હું છું.
મનની જેજે ઇચ્છા મનમાં, કોને કહું જઈ વે'લી. હું છું.
કંથ વિના મારા દિવસ કાઢું, આવેશે હું આવેલી. હું છું.
પાપી પટેલો કાં નિર્દય થઈ, વાત ન સુણો વર્ણવેલી. હું છું.
વિધવાને કરો સધવા નારી, શું થયા હિંદુ નમેરી. હું છું.
જેશંકરના નાથ દયાળુ, હવે કર આનંદની હેલી. હું છું.
સુધારાવર્દ્ધક વાણિ વદે છે, બાળાના થાઓ તમે બેલી. હું છું.

---

૧૩ કજોડાનો કેહેર.

લાવણી.

મને સોળ વરસ પતિ બાર, દેખી ઉઠે જ્વાળ,
દુઃખી આ નાર, કજોડું ક્યાંથી;

કર્યાં પૂર્વ જન્મમાં પાપ, છુટવાં આથી.
હું ભરજોબનમાં નાર, કામ ચડયેકાય,
ઉઠે અંગાર, ભમુભૂમિમાં;
નહી છેલ છબીલો છેલ રાખે ખુશીમાં;
નહીં પ્રેમતણો કંઈઅંશ, નિર્દય જેમ કંશ.
આશ નહીં વંશ તણી કંઈ રાખું;
સખિઆજ કંથના દુખડાં કયાં જઈ દાખું.
મને કામ દુઃખ દે અંગ, સુવે નહીં સંગ,
રમે નહીં રંગ, નાનો વર મારો.
કોઈ અબળાનો કર સાહીં, દુઃખથી તારો.
મને ચડે અનંગ તરંગ, અતિશે અંગ,
કરૂં નિચ સંગ, એમ નિત્ય ધારૂં;
પણ માત પિતાની લાજ વિશેજ વિસારૂં.
પતિ મૂર્ખ અને નાદાન નહિ, વિદ્વાન,
આપે નહી ધ્યાન, પલંગે રમવા;
આ દુઃખ કજોડા તણાં પ્રભુ કેમ ખમવાં.
હું સુવું ન સુખે પલંગ, પીડે છે અનંગ,
ઉડી ગયો રંગ, પતિવિણ સુખનો.
આ દુનિયામાં રવિ અસ્ત થયો છે સુખનો;
આ ભવસાગર ભયભિત, ચરેરે ચિત્ત,
વળે નહીં શીત, દુસ્મન સૈ દેખું;
પતિ અલંકારને ચીર વિષવત્ત લેખું.
મને અણુગમતો સંગાર, અંગ અંગાર,
ખાંડાની ધાર, પે'રતાં લાગે;
કદિ પે'રી પતિની પાસ જાઊં પતિ ભાગે.
આ દુઃખથી મરવું ભલું, અંગેતો બળું,
પ્રભુને મળુ, અરજ ઉચ્ચારૂં;
છે દુઃખ કજોડા તણું ઘણુંજ નઠારૂં.
સૌ સખિયોના બૌ સુખ, દેખી થાય દુઃખ,

ભાંગે નહીં ભૂખ, કાળજું બાળું;
આ દુઃખમય દુનિયાં માંય નાવ છે મારૂં.
પ્રભુ નિરાધાર આધાર, તરત લે સાર.
નાવને તાર, ચડ્યું તોફાને;
હું દીન અબળાના દુઃખ ધરોને કાને.
છે જેશંકરનો ખ્યાલ, વાંચતાં વા'લ,
ખુશી તત્કાલ, થશો સૌ અંગે;
નહિ કરો પુત્રીના લગ્ન નાના નર સંગે.

---

૧૪ યુવાન સ્ત્રીને સ્વામિનો વિયોગ.

(પદ-નાથ કયેસે ગજકો—એ રાહ.)

પ્રિતમ તારા નામની રટના લાગી, જોઉં નિદ્રામાં જાગી જાગી. પ્રિ.
પ્રેમ ખરો પતિ પત્ની વચ્ચે, સુખ લાવો લેછે સુભાગી;
સ્વર્ગ સમિપે સુખ ભોગવતાં, બને નહીં અનુરાગી. પ્રિ.
ભૂવન મને વન ભાસ દિશે છે, ભૂભોજન કરૂં ત્યાગી;
જાની તજી જાની તું કયાં ભાગ્યો, જાનીને આપી વૈરાગી. પ્રિ.

(આશા ગોડી.)

અનંગ અતિ અકળાવે, પતિ અતિ અનંગ મને અકળાવે—ટેક.
સુતાં સુખ નહ‍ં બેઠાં સુખ નહીં, નેન નિદ્રા નહીં આવે. પતિ.
હરતાં ફરતાં હરઘડી મુજને, કામદરોગો સતાવે. પતિ.
ભાતભાતના ભોજન પણ મને, વિષવત્ત સ્વાદ જણાવે. પતિ.
અત્તર અરગજા ચંદન ચોળું, આગ અંગે સળગાવે. પતિ.
રંગરંગિત ચીરછે ચિત્ત વેધક, કંચુકી જોર જણાવે. પતિ.
જાની જિગર મમપ્રેમે ભરેલા, હું વારી જાઊં વારેવારે. પતિ.

સુરત નિવાસી.

૧૫ વિધવાનું દુઃખ.

(રાગ-શેઠ સગાળશા સાધુને સેવે.) એ રાગ.

વિધવા દુઃખ વામાને ભારીરે, સુણો સૌ અંતર ઉઘાડી. ટેક.

સોળ વરસની સુંદરી હું, અને સાઠ વરસનો સ્વામ;
નયને નિરખતાં નિર વહ્યા અતિ, હૈયેથી ઉડી ગઈ હામ. વિધવા.
મહા દુઃખમાં પડી મુંઝાવા લાગી, નાથને નિરખી નિત્ય;
હૈયામાં હોળીની લાય લાગી, મારૂં ચરચર બળે છે ચિત્ત. વિ.
શૃંગાર ધજ સજી સ્વામિની સેવામાં, આશાથી જાતી પાસ;
પ્રીતેથી પગની ચંપી કરૂં પણ, હું અંતે થાઉં નિરાશ. વિ.
પતિ બેઠો હોય મારી પાસે કદિ, મળવા આવે કોઈ જન;
લોક ચર્ચાની લાજ તજી, તેથી મેળવું મારૂં મન. વિ.
સ્વામિ એ શિરનું ઢાંકણુ હોવાથી, જેમ કરૂં તેમ થાય;
ઢાંકણ ઉડી જતાં અબળાની, ચર્ચા ચોગમ ચરચાય. વિ.
કર્મજોગે મળ્યું કજોડું તો પણ, આશાયે કાઢયા દિન;
સ્વામિ સ્વર્ગની વાટ સિધાવી, કરી ગયા ગમગીન. વિ.
કજોડું એક લખેલ કરમમાં, વિધવાનું દુઃખ વિશેષ;
ઉણામાં પૂણું એ બંને આવી મળ્યાં, સુખની ન આશા લેશ. વિ.
જોબનનું વય ફાટી ફુલીને, તન થયું તડ તંગ;
આવેશ અહોનિશ ઉછરતાં, મારૂં ઓપવા લાગ્યું અંગ. વિ.
રંગિ બેરંગી ચીર પે'રીને, પનઘટ પાણી જાઉં;
સખિયો સઘળી માંથી, સોંસરી ચાલી હું આનંદે આગળ થાઉં. વિ.
અવર પુરૂષનો પ્યાર મેળવવા, તરત કરૂં તદબીર;
હોઠ કરડી હાવ ભાવથી તેને, મારૂં કટાક્ષનું તીર. વિ.
મશ્કરી કરી નર આવે મારી કને, આંખનો કરતા ઇસાર;
ભાભી ભાભી કહી ચુંબન લઇને, લુંટે જોબનનો બાહાર. વિ.
છેલ છબીલા રંગીન રાગી, નર નિહાળું નિત્ય;
દેખું ન દા'ડે એવા પુરૂષતો, ખાણું ન ખાઉં ખચિત. વિ.
જાર કરમ કરવાને જાતાં, આંખે ન દેખું કાંઈ;
પુરૂષ વગર પલમાં પ્રાણ જાશે, એ છાતીમાં છાપ છપાઈ. વિ.
બાળક બાપડી વિધવા બંદીખાને, માબાપ મારે મોજ;
દીકરીના દુઃખ સામું જોતાં નથી, એવાં છે માબાપ રોઝ. વિ.
વિધવા છે વિશ્વમાં ડૂબતી દરિયે, પોતે કરે છે પોકાર;
જાની જગતમાં વિરલા પુરૂષ તમે, વિધવાની કરજો વાર. વિ.

---

૧૬ વાંઢાનો વરઘોડો.

(લાવણી.)

વાંઢો નર ખર જેવો જાણો. (એવાર.)
દુનિયામાં હું જન્મ લઇને પેટ પડયો પાણો. ટેક.
નારી વિણુ નર નર્કે જાશે. (એવાર.)
મુજ ગત થયા પછી કોઈ મુજને પાણી નહીં પાશે;
શ્રાદ્ધની કરી ક્રિયા સારે, (એવાર.)
પિંડદાન કરવાને પાછળ કોઈ નહીં મારે;
પુત્રવિણુ લોક મારે તાણો, (એવાર.)
દુનિયામાં હું જન્મ લઇને પેટ પડયો પાણો. વાંઢો.
જતિ જોગી જોશી બાવા, (એવાર.)
પ્રશ્ન પુછું કોઇ કંઈ આપી, વળી આપું ખાવા;
મશ્કરી કરે સ્નેહી મારા, (એવાર.)
"લગ્ન આવતી કાલ થશે" થયાં ભાગ્ય ઉદય તારાં;
અરે આ વાત સુણીને વીર, (એવાર.)
મન તલપલવા લાગ્યું તતક્ષણ હૃદયે ન રહી ધીર;
લોકમાં થઈ ફરૂં શાણો, (એવાર.)
દુનિયામાં હું જન્મ લઇને પેટ પડયો પાણો. વાંઢો.
પ્રભુને ગમી વાત કેવી, (એવાર.)
વિચાર કરીને કન્યા કાં મુજને નહીં દેવી;
મૂરખ કે ઢેઢતણે ભૂવન, (એવાર.)
બબ્બે કે ત્રણ ત્રણ ઉપરાપર નારી છે નિશદિન;
નારી કે'વાને નહીં મુજને, (એવાર.)
અભાગણી વિધાત્રા મનમાં શું સૂજ્યું તુજને;
વાંઝિયો ભૂમાં ભંખાણો, (એવાર.)
દુનિયામાં હું જનમ લઇને પેટ પડયો પાણો. વાંઢો.
પ્રીતથી પનઘટપર બેસું, (એવાર.)
મનમાં રાંડું મનમાં પરણું, એથી અર્થ સરે શું;

કામની કરે કટાક્ષ પ્રહાર, (બેવાર.)
સમજી એના સુભાગ્ય સારાં થઈ બેઠો લાચાર;
પ્રભુને ગમી વાત જેવી, (બેવાર.)
" કરણી સમ સૌ પાર ઉતરણી" રચી રચના એવી;
વાંઢાની દયા દિલ આણો, (બેવાર.)
જાની જનમ હું જગમાં લઇને પેટ પડયો પાણો. વાંઢા.

(ભરથરી ભ્રાતા વિચાર કરીને—એ રાહ.)

એક નારી વિના (૨) જન્મારો ખાલી જાય;
શેખસલી સમ વિચારમાં, મન મા'ન તરંગે તણાય.
ઘરમાં જઇને (૨) પાણી ઉકાળી ના'વું;
પછી ભાખરૂં હાથ બનાવી, ખાંત વગરનું ખાવું.
છે વાત શરમની (૨) કહેતાં આવે લાજ;
ઘર ખુણામાં મૂકી શરમ હું ભોગવું નાનું રાજ.
" ખડ પૂળો લઈ (૨) સણુગારી સજું સગાર,"
" કપડાં ઉમદા પે'રાવી, માની લઈ મારી નાર."
" બૌ મમતાથી (૨) વળી સયન ગૃહ સણુગાર્યું."
" લાડ કોડ પૂરા કરવા મેં, વળતી મન વિચાર્યું."
" પ્રિય પ્રાણુ પ્રિયા (૨) કંઈ વિનય વાકય વરસાવો,"
" પણ ખડનો પૂળો શું બોલે, એમ વિચાર ન આવ્યો."
" કરી મીણુવાટ (૨) મુખ જાણું જે નિહાળું,"
" હાથ થકી દીવો પડવાથી, અતિ થયું અજવાળું."
" ખડનો પૂળો (૨) વળી ભાત ભાતના ચીર."
" લાય લાગતાં ભસ્મ થયાં, જોઇ આંખે આવ્યાં નીર."
જુઓ વાંઢાનો (૨) આ ભવ્ય ભવાડો વાર;
જાની જરૂર વાંચ્યાથી, અંતર ઉઘડશે જ તમારૂં.

---

૧૭ વાંઢાનું વલોણું.

(મારૂં નામ બગલો હજામ—એ રાહ.)

વાંઢાનું કરૂં વલોણું—વાંઢાનું કરૂં વલોણું.

ચાશે જગતમાં જોણું રે.—વાંઢાનું કરૂં વલોણું.
બલી ભાળીને ભેંસ રાખું, ગાવડીયું બે ચાર;
સર્વેનું મહિ માખણ કરૂં, એવો મારો વિચાર. વાંઢાનું.
છાસ લેવાને ઘરમાં મારા, આવશે સઘળી નાર;
દેખી તું એ જાર કરમનું, ખુલ્લું થયું દ્વાર. વાંઢાનું.
વાંઢાને જોઈ વિધવા આવે, છાસ લેવાને કાજ;
એકાંત એવી મળે કયાંથી, લૂંટવાને લાજ. વાંઢાનું.
વાંઢાને વાસ વનિતા જાતાં, કોઈ ન કરશે વાત;
જાર કરમ ત્યાં જામ્યું રે'છે, દિવસ આખી રાત. વાંઢાનું.
વાંઢો વાવે ખેતરાંને, વિધવા મુલે જાય;
એક બીજાને મનગમતા ત્યાં, આનંદ ઓચ્છવ થાય. વાંઢાનું.
વાંઢાનું વલોણું સારૂં, રાંડી રાંડની ખેડ;
નિધણિયાતી નારી જાણી, વાંઢો પાડે બેળ. વાંઢાનું.
વાંઢાને કન્યા ન આપે કોઈ, વિધવા પુરૂષ હીન;
મન ગમતું મન મેળવી વાંઢો સુખમાં કાઢે દિન. વાંઢાનું.
વિધવા નારી સદા વાંઢાને સોધે ખંતે ખેલવા ખેલ;
અવર પુરૂષ નહીંઆંખમાંઆવે, વાંઢામાંચિત્તચોં'ટેલ. વાંઢાનું.
વાંઢો માંદો થાય કદિ તો, વિધવા ચાંપે પાય;
વિધવાને મન એવું ગમે કે, વાંઢો સાજો થાય. વાંઢાનું.
પરણેલ પુરૂષ ભોગવે નહીં, એવું વાંઢો પામે સુખ;
નિત્ય નવિન નારીયોના વાંઢો, નિરખે નેત્રે મુખ. વાંઢનું.
એવું છે સુખ વાંઢાને, પછી પરણ્યાનું શું કામ;
જગમાં જે જે વિધવા, તે સહુ વાંઢાને આવે કામ. વાંઢાનું.
પ્રભુયે દિલ અતિ દયા લાવી, વિધવા નારીનું દુઃખ;
પૃથ્વિમાં પ્રભુયે વાંઢા રાખ્યા છે, વિધવાને દેવા સુખ. વાંઢાનું.
વાંઢાની કે વિધવાની, કોઈ કરે ન નિંદા કાંઈ;
જાનીજુઓ આ જગમાં એવી, હિંદુની હાય !! ભવાઈ. વાંઢાનું.

કર્ત્તા તરફથી.

૧૮ વિધવા વિવાહ કરવા વિષે બે બોલ.

(હરિગીત છંદ.)

આ દેશમાં ધારો નહીં, વિધવા વિવા' કરવા તણો;
વિધવા વરાવો તુર્ત, એ પોકાર ઉઠયો કયારનો.
પણ અંધ જ્ઞાતિબંધ લીધે, મંદ થઈ બેઠા નરો;
આ વાત માની **જાની**ની, વિધવા વિવા' દેશે કરો.
મમતી મમત માંડી મરે, કરવા ન દેવા કામ એ.
આ આમ કરતાં વાદળું, દુઃખનું પડયું છે આ સમે:
વારા પ્રમાણે આવશે, વારો તમારો દિલ ધરો,
આ વાત માની **જાની**ની, વિધવા વિવા' દેશે કરો.
એ બાળ અજ્ઞાની બિચારી, કામ આ વેશે ભમે,
નહિ દુઃખ વિધવા દેખીયું, તે કેમ કરી આજે ખમે.
રતિ રંગ રમવા નાર થઈ, ઝરવા મંડયો જોબન ઝરો,
આ વાત માની **જાની**ની વિધવા વિવા' દેશે કરો.
નહીં જાણતી જગ રીત, કદિ વિધવા બનેલી જે ત્રિયા,
અણધારતાં ભરથાર મૃત્યુ-સ્વર્ગમાં જઈ સંચર્યા;
મુંડી કરો મતલબ વિના, એ ન્યાય દિલ કયાંનો ધરો,
આ વાત માની જાનીની, વિધવા વિવા' દેશે કરો.
ચુડી ઘરેણા ચાંલ્લો વળી, મિષ્ટ ભોજન છોડવો,
ભૂમિ પથારી પાથરી, વિધવા તણું સુખ તોડવો;
સ્રંગાર સૌ તજવા પડે, ધારો કર્યો છે આકરો,
આ વાત માની **જાની**ની, વિધવા વિવા' દેશે કરો.
દુઃખમાં સદા ડૂબી મરે, વિધવા બિચારી મે'લમાં,
વિવા' સમે અતિ નીર લાવે, નાર વિધવા નેનમાં;
સુભ કામથી અલગી કરો, શું કામરે !! હિંદુ નરો,
આ વાત માની જાનીની, વિધવા વિવા' દેશે કરો.
છે રીત બૌ પ્રાચિન, જો જો ગ્રંથ જે તમ ધર્મના,

શું છે ખરૂં ખોટું તપાસી, લગ્ન કરજો નારના;
સૌ તુર્ત ચાલુ રીતરે !! હિંદુ ઉમંગે આચરો,
આ વાત માની જાનીની વિધવા વિવા' દેશે કરો.

સમાપ્ત

દેશી કારીગરને ઉત્તેજન.

જાહેર ખબર.

મારા તરફથી લાકડાના બૉર્ડ અને આરસ પાહાણુ (મારબલ) ઉપર અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત અક્ષરો કોતરવાનું કામ ઘણું સફાઈબંધ અને તે પણ ધારેલી મુદ્દતસર બજાવી આપવામાં આવે છે.

આરસ કોતરવાનો ભાવ ઘણો જ સસતો એટલે રૂપિયા એકના અક્ષર ૧૨ બાર કોતરવામાં આવે છે, અને લાકડાના બૉર્ડનો ભાવ નાના મોટા અક્ષરના પ્રમાણુ ઉપર છે.

હું આશા રાખું છું કે મારા કોતર કામથી આપ ખુશી થશો.

લી. સેવક,

જયશંકર આણંદજી જાની,—ખંભાળિયા.

અમુલ્ય સાધન.

(દુનિયામાં)

" ખરી તંદુરસ્તી એજ ખરી દોલત. "

"ઉત્તમ સલાહકારરૂપી આમ્ર વૃક્ષનાં ફળ હમેશાં અમૃતતુલ્ય સ્વાદિષ્ટ હોય છે કે જે ભાગ્યોદય થયા શિવાય પ્રાપ્ત થતાંજ નથી. અર્થાત તે ફળો ધીમંત પુરૂષોજ ગ્રહણ કરેછે." **લૉર્ડ બૅકન.**

આર્ય બંધુઓ—હાલમાં " મેડીકલ હૉલ "નું સુખ સાધન પિડિત મનુષ્યોને એક આશિર્વચન થઈ પડેલું પ્રશસ્ત છે, કે જેમાં છુટક તેમજ જથાબંધ દવાના વેચાણ સાથ, ઔષધોપચાર તથા શસ્ત્ર ક્રિયા પણ સંતોષકારક થાય છે.

દરદી દિલનું ભુવન, અને સુખ સંતોષનો સાગર શોધવા દૂર જવું પડે તેમ નથી. ત્યારે એવું તે કોણુ હતભાગ્ય હશે કે નજીકની ગંગેશનો અલભ્ય લાભ મૂકી અમસ્થા અથડાવા દૂર અવલોકન કરે—અહો પ્રભૂ—સહસ્રવાર ધન્યવાદ એવા સ્વદેશ હિતેચ્છુ વિરલ બંધવોને.

ડાકટર. જયશંકર દયારામ પંડિત.

મેડીકલ હૉલ—**ખંભાળિય.**

આ પુસ્તક છપાવવામાં પ્રથમથી શેકડાં નાણાંની મદદ આપનાર ગૃહસ્થોના નામ.

નકલ.	નામ.	ગામ.
૮	રા. રા. નાનાભાઈ રણછોડજી પોર્ટ ઇન્સ્પેક્ટર. કચ્છ	ભુજ.
૮	રા. રા. મુળશંકર લક્ષ્મીશંકર. પોલીસ આસિ.સુપ.	જામનગર.
૮	T. H. k. R	BOMBAY.
૬	ઠક્કર. હરજીવન હીરજી પારેખ	ખંભાળિયા.
૪	રા. નૃસિંહપ્રસાદ જીજીભાઈ માંકડ	જામનગર.
૪	પુરોહિત નથુ ત્રીકમજી	ખંભાળિયા.
૪	ઠક્કર નારાણદાસ પદમસિંહ	ખંભાળિયા.
૪	રા. રા. નેમચંદ તારાચંદ	જામનગર.
૪	રા. રા. નથુભાઈ ઓધવજી જોશી. રાધિકાજીના મંદિરના વકીલ	બેટ.
૪	રા. રા. શીવશંકર હરિશંકર ફોજદારી કારકુન	ભાટીયા.
૪	રા. રા. ભાકરલાલ અમરજી	ખંભાળિયા.
૪	રા. રા. વલ્લભજી ભવાનીશંકર પોલીસઇન્સ્પેક્ટર	જામનગર.
૨	સુતાર. જેરામ નાનજી	ખંભાળિયા.
૨	ઠક્કર. રાધવજી કલ્યાણજી	ખંભાળિયા.
૨	ભટ્ટ. વહાલજી વિઠ્ઠલજી	મુંબાઈ.
૨	ઠક્કર. વિઠ્ઠલદાસ લીલાધર	દવારકાં.
૨	દવે. પ્રાણજીવન દુર્લભદાસ રણછોડ	દવારકાં.
૨	ઠાકર. કરસનજી ગોપાળજી. સ્કુલ આસિસ્ટંટ	દવારકાં.
૨	રા. રા. રતનસિંહ કુંવરજી. વેકિસનેટર	ખંભાળિયા.
૨	પટેલ. નાથાભાઈ ભુલાભાઈ તલાટી	આસોટું.
૨	ઠક્કર. ધરમસિંહ હેમરાજ	ખંભાળિયા.
૨	રા. રા. વલ્લભજી ભુધરદાસ તાર માસ્તર	દવારકાં.

૨ ઠક્કર. ભગવાનજી ઓધા..........................ગાગા.
૨ ઠક્કર. સવજી મુળજી.........................માદેવીયા.
૨ ઠક્કર. આણંદજી રણછોડ..........................રાણુ.
૨ રા. ગોવિંદરાવ માહાદેવ પોસ્ટ માસ્તર.........દ્વારકાં.
૨ મિ. પોપટલાલપુંજાભાઈ તાલુકાસ્કુલઆસિસ્ટંટ. ખંભાળિયા.
૨ ઠક્કર. કરસનદાસ મોરારજી..................ખંભાળિયા.
૨ ઠક્કર. રણછોડદાસ કલ્યાણજી મોરપરીયા.........મુંબાઈ.
૨ રા. વિનોદરાય વી. જેસુખરાય મજમુદાર......જુનાગઢ.
૨ ઠાકર. નારણજી લીલાધર.........................મુંબાઈ.
૨ વૈદ્ય જમનાદાસ પ્રાગજી વ્યાસ...............દ્વારકાં.
૨ પાઢ દામજી સવજી જગાત ચાવડી............દ્વારકાં.
૨ વાઢેર લખુભા લધુભા................. ......આરંભડા.
૨ ત્રવાડી રણછોડલાલ વી. કરૂણાશંકર...........દુધરેજ.
૨ પાઢીયા ત્રીકમજી જીવરાજ.......................દ્વારકાં.
૨ મિ. ધનજી રૂગનાથજી. મિ. જેકબ સાસુન મીલ. મુંબાઈ.
૨ ઠાકર. ઓધવજી જગજીવન.......................દ્વારકાં.
૨ ઠક્કર. ઘેલા કહાનજી. માંડવીયા...................રાણુ.
૨ મિ. ખેતસિંહ વી. જસરાજ આસિ. રેવ. ઑફીસ. ખંભાળિયા.
૨ ભટ્ટ. જેશંકર પુરૂષોત્તમ............(ભાણવડ) દેવળીયું.
૨ ઠક્કર. જમનાદાસ કહાનજી.......................સલાયા.
૨ મીન મોનજી પુરૂષોતમ સ્કુલ આસિસ્ટંટ.......દ્વારકાં.
૨ ઠાકર. હરજીવન વેલજી..........................દ્વારકાં.
૨ ઠક્કર. કરસનદાસ વી. માધવજી............ખંભાળિયા.
૨ સંઘાણી કપુરચંદ વી. તારાચંદ તલાટી.........ગાગા.
૨ રા. રા. પુંજાશંકર ઘેલાભાઈ સ્કુલ માસ્તર.......રાણુ.

૨ ભટ્ટ. ગોરધનદાસ મંગળજી..................ધોરાજી.

૨ પાઠક. સુંદરજી રતનજી.......................જામનગર.

૨ વાયડા કહાનજી કરસનજી ન્યાયાધિશ કોર્ટ......દવારકાં.

૨ જોશી. જયકૃષ્ણ સુરજી.........................દવારકાં.

૨ ઠકર. સવજી સાગજી...................જામ વણથલી.

૨ ઠકર. વસનજી પદમસિંહ....................ખંભાળિયા.

૨ દવે. મુળશંકર હરજીવન.....................હડીયાણા.

૨ જોશી. કલ્યાણજી નથુ......................ખંભાળિયા.

૨ જોશી. હરિભાઈ ઝીણા.........................વરવાળા.

૨ બાવા સુખલાલગર પુરૂષોત્તમગર...............દવારકાં.

૨ ઠકર. કહાનજી ભાણજી.................માંડવી બંદર.

૨ ઠકર. ગોવંદજી બાવજી.........................મુંબાઇ.

૨ ઉપાધ્યા કહાનજી કરસનજી......................દવારકાં.

૨ જોશી. મુળજી કલ્યાણજી ડોલર.............ખંભાળિયા.

૨ M. G.............................BOMBAY.

૨ શેઠ. પિતાંબર ઉકા.........................જામનગર.

૨ શેઠ. પોપટભાઈ કાલીદાસ..................જામનગર.

૨ જોશી. નેશંકર મુળજી લુરો...............ખંભાળિયા.

૨ ઠકર. ગોપાળદાસ ગાંગજી......................ગુરગઢ.

૨ ઠકર. મલી ધનજી..............................ગુરગઢ.

૨ ઠકર. કાળા ગોવંદ.............................ગુરગઢ.

૨ પટેલ. જીવા લખમણ..........................પિંડારા.

૨ ઠકર. જેઠાભાઈ દેવજી.....................ખંભાળિયા.

સુચના.

મારા તરફથી નીચે લખ્યા ચોપડીયો, ફક્ત અર્ધા આનાની ટીકીટ બિડવાથી મફત મોકલવામાં આવશે.

સ્વપ્નુ ભાગ ૧ લો. (વિધવાઓ સાથે થયેલ વાત ચીત.)

સ્વપ્નુ ભાગ ૨ જો. (આજનો સુધારો-કળીજુગ વૃત્તાંત.)

પ્રસ્તાવિક પદ્ય ભાગ ૨ જો. (વાંઢા તથા વિધવાઓને લગતી રસિક કવિતાઓ.)

જયશંકર આણંદજી જાની,

ખંભાળિયા, સુ૦ ૧૦ સબા.